SHRI M.R.D. ARTS AND E.E.L.K. COMMERCE COLLEGE, CHIKHLI.

B.A. SEM. VI

SANSRIT PAPER- 20

(વ્યાકરણશાસ્ત્ર - ભટ્ટોજિ દીક્ષિતકૃત વૈયાકરણસિદ્ધાંતકૌમદી _ કારકપ્રકરણ )

યુનિટ _ II

Prof. C. D. Patel

# વિભક્તિના ઉપયોગો.

## વિભક્તિઓ :-

(i) **कारकविभक्ति** :- કર્તુ ,કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન , અધિકરણ વગેરે કારક વિશેષો જ્યારે જે તે દ્વિતીયાદિ વિભક્તિનું ગ્રહણ કરાવનાર બને , ત્યારે તે **कारकविभक्ति** કહેવાય. પ્રથમા દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, સપ્તમી **कारकविभक्ति** છે.

(II) **अकारकविभक्ति** :- ષષ્ઠી વિભક્તિ ‘ સંબંધ ’અર્થની વાચિકા છે . તે **अकारक विभक्ति** છે.

(III) **उपपदविभक्ति** :- જ્યારે કોઇ નજીકનું પદ કે અવ્યય કોઇ વિભક્તિના ગ્રહણમાં નિમિત્ત બને ત્યારે તેને ઉપપદવિભક્તિ કહેવાય ભાષ્યકાર પતંજલિના મતે उपपदविभक्तेः कारकविभक्तिः बलीयसि । હવે જુદી- જુદી કારકવિભક્તિના ઉપયોગો જોઇએ-

## દ્વિતીયા વિભક્તિના ઉપયોગો

**કર્મકારક ને માટે દ્વિતીયા વિભક્તિ :-** પાણિનિ ના સૂત્રો મુજબ કોની- કોની , કયા સંજાગોમાં **कर्मकारक संज्ञा** થાય અને તેને માટે દ્વિતીયા વિભક્તિ પ્રયોજાય .તે બાબતને નીચે મુજબ દર્શાવી શકાય..

**(१ )कर्तृरीप्सिततमं कर्म** । ( १-४ - ४९ ) :- ક્રિયાના કર્તાને ક્રિયા દ્વારા હાંસલ કરવું જે અત્યંત ઈપ્સિતતમ પદાર્થ હોય તેની ' कर्म 'સંજ્ઞા થાય છે. જેમકે- **देवदत्तः माषेषु अश्वं बध्नाति** ।

અહીં દેવદત્ત ાને બાંધવાની ક્રિયા માટે अश्व અંત્યંત ઈપ્સિતતમ છે કેમકે અશ્વના અભાવમાં બાંધવાની ક્રિયા થઈ શકશે નહી તેથી अश्व ની કર્મ સંજ્ઞા થઇ છે.

**(२) ( अनभिहिते )कर्मणि द्वितीया** । ( २ - ३- २ ) જેની कर्म સંજ્ઞા થાય તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં

આવે છે. પણ એ કર્મ અનભિહિત / અનુક્ત હોય તો. ઉદા. रमेशः हरिं भजति । અહીં હરિ એવા કર્મકારકને અભિવ્યક્ત કરવા માટે हरि પદને દ્વિતીયા વિભક્તિનો अम् પ્રત્યય લગાડી हरिं કરવામાં આવ્યું છે.

નોંધ :- कर्मकारक નું अभिधान પ્રાયઃ तिङ्- कृत - तद्धित પ્રત્યયો , સમાસ કે નિપાતથી થતું હોય છે.

(૩) तथायुक्तं च अनीप्सितम् । ( १-४ -५० ) ईप्सिततम् ની જેમ अनीप्सितम् પદાર્થની પણ કર્મ સંજ્ઞા થાય છે અને તેને માટે દ્વિતીયા વિભક્તિ પ્રયોજાય છે.

ઉદા.- महेशः ग्रामं गच्छन् तृणं स्पृशति ।અહીં કર્તા મહેશને ગામમાં જવું ईप्सिततम् છે તેથી ગામ પદનું कर्तुरीप्सिततमं कर्म । સૂત્રથી દ્વિતીયા વિભક્તિમાં ग्रामं થયું છે પરંતુ તૃણ (ઘાસ) ને સ્પર્શવું મહેશ માટે अनीप्सित છે. તેથી તૃણ પદને પણ तथायुक्तं च अनीप्सितम् સૂત્રથી દ્વિતીયા વિભક્તિમાં तृणं કરવામાં આવ્યું છે. આજ રીતે બીજા ઉદા. महेशः ओदनं भुज्जानः विषं भुङ्क्ते । ને સમજવું.

(૪) अकथितञ्च । ( १ - ४ - ५१ ) સંપ્રદાન , અપાદાન, અધિકરણ વગેરે કારકવિશેષોને તે -તે કારક સ્વરૂપે કહેવાની ઈચ્છા ન હોય તો તે કારકોની कर्मकारकसंज्ञा થાય છે અને જેતે પદને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

√दूह् √याच् √पच् √दण्ड √रुधि √प्रच्छि √चि √ब्रू √शासु √जि √मथ √मुष आ

બાર ધાતુઓ તથા બીજા ચાર - √नी √हृ √कृष √वह ધાતુઓનાં ( મુખ્ય કર્મની સાથે જોડાયેલા બીજાં અકથિત / અવિવક્ષિત / ગૌણકર્મ ) કારકોની પણ **कर्म** સંજ્ઞા થાય છે અને તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકાય છે.

ઉદા.

| મૂળ વાક્યમાં પ્રયોજાયેલ મૂળ કારક ⬇ | જે તે કારકને જે તે કારક સ્વરૂપે કહેવાની ઇચ્છા ન હોય ત્યારે/ કર્મકારક સંજ્ઞા થતાં ⇩ |
|---|---|
| १ गोपालः गोः पयः दोग्धि । | १ गोपालः गां पयः दोग्धि । |
| २ वामनः बलेः वसुधाम् याचते । | २ वामनः बलिं याचते वसुधाम् । |
| ३ भगदत्तः तण्डुलेभ्यः ओदनं पचति । | ३ भगदत्तः तण्डुलान् ओदनं पचति । |
| ४ राजा गर्गेभ्यः शतं दण्डयति । | ४ राजा गर्गान् शतं दण्डयति । |
| ५ गोपालः व्रजे गाम् अवरुणद्धि । | ५ गोपालः व्रजं अवरुणद्धि गाम् । |
| ६ रमेशः माणवकात् पन्थानं पृच्छति । | ६ रमेशः माणवकं पन्थानं पृच्छति । |
| ७ बालः वृक्षात् फलानि अवचिनोति । | ७ बालः वृक्षं अवचिनोति फलानि । |
| ८ वासुदेवः माणवकाय धर्मं ब्रूते । | ८ वासुदेवः माणवकं धर्मं ब्रूते । |
| ९ वासुदेवः माणवकाय धर्मं शास्ति । | ९ वासुदेवः माणवकं धर्मं शास्ति । |
| १० यज्ञदत्तः देवदत्तात् शतं जयति । | १० यज्ञदत्तः शतं जयति देवदत्तम् । |
| ११ देवाः सुधायै क्षिरनिधं मथ्नाति । | ११ देवाः सुधां क्षिरनिधिं मथ्नाति । |
| १२ रजकः देवदत्तात् शतं मुष्णाति । | १२ रजकः देवदत्तं शतं मुष्णाति । |

★ भरतः ग्रामे अजां नयति / हरति / कर्षति / वहति → भरतः ग्रामं अजां नयति / हरति / कर्षति / वहति ।

★ વાર્તિકકાર કાત્યાયનના મતે અકર્મક ધાતુઓની સાથે સંકળાયેલા દેશવાચક, કાળવાચક, ભાવવાચક,ગતિવાચક અને માર્ગવાચક પદોની પણ કર્મકારક સંજ્ઞા થાય છે અને દ્વિતીયાવિભક્તિમાં પ્રયોજાય છે.

ઉદા.અનુક્રમે - कुरुन् स्वपिति । मासम् आस्ते । गोदोहम् आस्ते । क्रोशम् आस्ते ।

(५) गति- बुद्धि - प्रत्यवसानार्थ -शब्दकर्म -अकर्मकाणाम् अणि कर्ता स णौ । ( १ - ४ - ५२ )

ગત્યર્થક, જ્ઞાનાર્થક , ભક્ષણાર્થક ધાતુઓ ,અવાજ છે કર્મકારક જેનું એવા ધાતુઓ તેમજ અકર્મક ધાતુઓના યોગમાં સાદા વાક્યરચનાના પ્રયોજ્ય કર્તાની પ્રેરકવાક્યરચનામાં કર્મ સંજ્ઞા થાય છે અને દ્વિતીયામાં પ્રયોજાય છે.

ઉદા.

| ધાતુ | સાદી કર્તરી વાક્યરચના | પ્રેરક વાક્યરચના |
|---|---|---|
| ગત્યર્થક | शत्रवः स्वर्गम् अगच्छन् । | शत्रून स्वर्गम् अगमयत् श्रीहरिः। |
| જ્ઞાનાનાર્થક | स्वे वेदार्थम् अविदुः । | स्वान् वेदार्थम् अवेदयत् श्रीहरिः। |
| ભક્ષણાર્થક | देवाः अमृतम् आश्नन् । | श्रीहरिः देवान् अमृतम् आशयत्। |
| શબ્દકર્મ | विधिः वेदम् अध्यैत् । | श्रीहरिः विधिम् वेदम् अध्यापयेद् । |
| અકર્મક | पृथ्वी सलिले आस्ते । | श्रीहरिः पृथ्वीं सलिले आसयत् । |

★ વાર્તિકકાર કાત્યાયનના સુધારા :-

- ગત્યર્થક नी / वह ધાતુઓનો પ્રયોગ થયો હોય ત્યારે સાદા વાક્યરચનાના પ્રયોજકર્તાની પ્રેરકવાક્યરચનામાં કર્મસંજ્ઞા થતી નથી. પરંતુ કર્તા જો નિયંતા હોય તો वह ધાતુમાં આ નિષેધ લાગતો નથી .

  ઉદા. अश्वाः रथं वहन्ति । ⟶ सूतः अश्वान् रथं वाहयति ।

- ભક્ષણાર્થક अद् / खाद् ધાતુમાં પ્રયોજ્યકર્તાની પ્રેરકમાં કર્મ સંજ્ઞા થતી નથી.

- અહિંસાપૂર્વક ભક્ષણાર્થક भक्ष ધાતુના પ્રયોજ્યકર્તાની પ્રેરકમાં કર્મ સંજ્ઞા થતી નથી. પરંતુ હિંસાપૂર્વક ભક્ષણ કરવું અર્થવાળા भक्ष ધાતુના પ્રયોજ્ય કર્તાની પ્રેરકમાં કર્મ સંજ્ઞા થાય છે.

  ઉદા. बलीवर्दाः सस्यं भक्षयति । ⟶ गोपालः बलीवर्दान् सस्यं भक्षयति ।

( ६ ) हृक्रोः अन्यतरस्याम् । ( १- ४ - ५३ )

हृ અને कृ ધાતુઓના પણ પ્રયોજ્યકર્તાની પ્રેરકવાક્યરચનામાં अन्यतरस्याम् / વિકલ્પે કર્મ સંજ્ઞા થાય છે.

ઉદા.

| ધાતુ | સાદુ વાક્ય | પ્રેરકમાં કર્મસંજ્ઞા કરવી હોય ત્યારે | પ્રેરકમાં કર્મ સંજ્ઞા ન લેવી હોય તો |
|---|---|---|---|
| हृ | भृत्यः कटं हरति। | देवदत्तः भृत्यं कटं हारयति। | देवदत्तः भृत्येन कटं हारयति। |
| कृ | भृत्यःकटं करोति। | देवदत्तः भृत्यं कटं कारयति। | देवदत्तःभृत्येन कटं कारयति। |

★ વાર્તિકારનો ઉમેરો - अभि ઉપસર્ગની સાથે वादि અને दृश ધાતુઓના આત્મને પદનાં રૂપો વપરાયાં હોય ત્યારે પણ પ્રયોજ્ય કર્તાની વિકલ્પે કર્મ સંજ્ઞા થાય છે. ઉદા.

| સાદુ વાક્ય | પ્રેરકમાં કર્મસંજ્ઞા થતાં | કર્મસંજ્ઞા ન લેવી હોય તો |
|---|---|---|
| भक्तः देवं अभिवदति। | देवदत्तः भक्तं देवं अभिवादयते । | देवदत्तः भक्तेन देवं अभिवादयते। |
| भक्तः देवं पश्यति। | देवदत्तः भक्तं देवं दर्शयते । | देवदत्तः भक्तेन देवं दर्शयते। |

(૭) अधिशीङ्स्थासां कर्म । (१ - ४ - ४६ )

अधि ઉપસર્ગની સાથે √शी , √स्था કે आस् ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે આધારવાચક પદની અધિકરણ સંજ્ઞાને બદલે કર્મસંજ્ઞા થાય છે અને પરિણામે તેમને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

ઉદા. -अधि + √शी - हरिः वैकुण्ठे अधिशेते । ના બદલે हरिः वैकुण्ठं अधिशेते । થાય.

- अधि + √स्था- हरिः वैकुण्ठे अधितिष्ठति। ના બદલે हरिः वैकुण्ठं अधितिष्ठति । થાય.

- अधि + √आस्- हरिः वैकुण्ठे अध्यास्ते। ના બદલે हरिः वैकुण्ठं अध्यास्ते । થાય.

(૮) अभिनिविशश्च । ( १ - ४ - ४७ ) - अभि + नि એવા બે ઉપસર્ગની સાથે √विश ધાતુના ઉપયોગ

વખતે આધારસ્થાનની વિકલ્પે કર્મસંજ્ઞા થાય છે.

ઉદા. अभि + नि + √ विश धातु

सन्मार्गम् अभिनिविशते । पापे अभिनिवेशः ।

( ९ ) उपान्वध्याङ्वसः । ( १ - ४ - ४८ ) उप , अनु , अधि , અને आ ઉપસર્ગની સાથે √वस ધાતુનો પ્રયોગ હોય ત્યાં પણ આધાર સ્થાનની કર્મ સંજ્ઞા થાય છે.અને દ્વિતીયા વિભક્તિ પ્રયોજાય છે.

ઉદા. (૧) उप + √वस् = हरिः वैकुण्ठम् उपवसति ।

★ વાર્તિક - ભક્ષણ ન કરવું અર્થવાળો उप + √वस ધાતુ નો પ્રયોગ હોય ત્યાં આધાર સ્થાનની કર્મસંજ્ઞા થતી નથી. જેમકે रामः वने उपवसति ।

(૨) उप + √अनु = हरिः वैकुण्ठम् अनुवसति ।

(૩) उप + √अधि = हरिः वैकुण्ठम् अधिवसति ।

(૪) उप + √आ = हरिः वैकुण्ठम् आवसति ।

વાર્તિક ★ उभयतः , सर्वतः , धिक् એવા ઉપપદો/ અવ્યયો અને उपरि उपरि , अधि अधि , अधो अधो એવા ત્રણ આમ્રેડિત રૂપોનો જ્યાં પ્રયોગ થયો હોય ત્યાં દ્વિતીયા વિભક્તિ વપરાય છે.

ઉદા. (१) उभयतः कृष्णम् गोपाः । (२) सर्वतः कृष्णम् । (३) धिक् कृष्णाभक्तम् ।

( ४) उपरि उपरि लोकं हरिः। (५ ) अधि अधि लोकं हरिः । (६) अधो अधो लोकं हरिः।

★ આ ઉપરાંત अभितः , परितः , समया ,निकषा , हा અને प्रति એવા અવ્યયોનો યોગમાં પણ દ્વિતીયા વિભક્તિ પ્રયોજાય છે.

ઉદા. (१ ) अभितः कृष्णम् । ( २) परितः कृष्णम्। (३ ) नगरं समया। (४ ) निकषा लङ्काम् ।

(५) हा कृष्णभक्तम् । ( ६) बुभुक्षितं न प्रति भाति किञ्चित् ।

(१०) अन्तराऽन्तरेण । (२ - ३ - ४) अन्तरा અને अन्तरेण આ બે શબ્દોના યોગમાં પણ દ્વિતીયા વિભક્તિ વપરાય છે.

ઉદા. - अन्तरा त्वां मां हरिः ।

- अन्तरेण हरिं न सुखः ।

(૧૧) कर्मप्रवचनीययुक्ते द्वितीया । કેટલાંક વિશિષ્ટ સંબંધોનો અર્થ સૂચવનાર અવ્યયો કર્મપ્રવચનીય બને છે. અને તે કર્મપ્રવચનીય માટે પણ દ્વિતીયા વિભક્તિ પ્રયોજાય છે. જેમકે-

- હેતુભૂત લક્ષણનો અર્થ બતાવનાર अनु ની કર્મપ્રવચનીય સંજ્ઞા થઇ એના યોગમાં હેતુભૂત શબ્દ દ્વિતીયામાં પ્રયોજાય છે. ઉદા. - जपम् अनु प्रावर्षत् ।
- सह (સાથે )નો અર્થ સૂચવાતો હોય ત્યારે પણ अनु ની કર્મપ્રવચનીય સંજ્ઞા થઇ દ્વિતીયામાં પ્રયોજાય છે. ઉદા.- नदीम् अनु अवसिता सेना ।
- हीन (નીચું) નો અર્થ સૂચિત થતો હોય ત્યારે પણ अनु અને उप ની કર્મપ્રવચનીય સંજ્ઞા થઇ દ્વિતીયામાં પ્રયોજાય છે. ઉદા. -अनु हरिं सुराः। उप हरिं सुरा ः ।
- लक्षण , इत्थंभूताख्यान , भाग અને वीप्सा અર્થ બતાવનાર प्रति परि अनु ની કર્મપ્રવચનીય સંજ્ઞા થઇ દ્વિતીયા વિભક્તિનું ગ્રહણ કરાવે છે.

ઉદા. - (૧) लक्षण અર્થમાં ( प्रति - परि -अनु )

वृक्षं प्रति / परि / अनु विद्योतते विद्युत ।

ઉદા. (૨) इत्थंभूताख्यान અર્થમાં ( प्रति -परि -अनु )

भक्तो विष्णुं प्रति/ परि / अनु ।

ઉદા. (૩) ભાગ અર્થમાં ( प्रति -परि -अनु )

लक्ष्मीः हरिं प्रति/ परि / अनु ।

ઉદા. (૪) વીપ્સા ના અર્થમાં ( प्रति -परि -अनु )

वृक्षं वृक्षं प्रति/ परि / अनु सिञ्चति ।

- ભાગ સિવાયના - लक्षण -इत्थंभूताख्यान -वीप्सा અર્થોનું દ્યોતન अभि શબ્દથી થાય ત્યારે તેની કર્મપ્રવચનીય સંજ્ઞા થઇ દ્વિતીયા વિભક્તિ નું ગ્રહણ થાય છે.

ઉદા. અનુક્રમે --- हरिम् अभि वर्तते । / भक्तः हरिं अभि । / देवं देवं अभि सिञ्चति ।

- अतिक्रमण અને પૂજા (સન્માન) નો અર્થ બતાવતા હોય ત્યારે अति ની કર્મપ્રવચનીય સંજ્ઞા થઇ દ્વિતીયાનુ. ગ્રહણ થાય છે.

ઉદા. अति देवान् कृष्णः ।

( १२ )कालाध्वनोः  अत्यन्तसंयोगे । ( २ - ३  -५ ) ગુણ ,ક્રિયા અને દ્રવ્યની સાથે  અત્યંત સંયોગ / સાતત્ય હોય તો  કાલવાચક અને માર્ગવાચક શબ્દોને  દ્વિતીયા વિભક્તિ લાગે છે.

ઉદા. -  કાલવાચક :-  (१ ) मासं कल्याणि । (२ ) मासं अधिते ।  (३ )  मासं  गुडधाना ।

માર્ગવાચક :-(१ ) कोशं कुटिला नदी । (२)  कोशं अधिते ।  (३)  कोशं गिरिः ।

---